જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૬/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૪૨/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧ | ૫,૧૩,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૩/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૬ લીટર દેશી દારૂ, ૧૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૦ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૪/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૫/૨૦૨૨</u>**

**કાગડાપીઠ:** શ્યામ રામચંદ શીરવાની (ઉ.વ.૪૭) (રહે.સ્ટાર એપાર્ટમેન્ટ નાલંડા કોમ્પલેક્ષ સામે પ્રેમચંદનગર રોડ વસ્ત્રાપુર) એ તા.૧૧/૦૬/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સફલ-૧ પહેલા માળે દુકાન નં.૬૭-૬૮ ચંદવાની ટેક્ષટાઈલ્સ નામની પેઢીમાંથી આરોપી (૧) મનોજ ઉર્ફે ટોની (રહે. હરેક્રિષ્ણા એપાર્ટમેન્ટની બાજુમાં પોસ્ટ ઓફીસ સામે સોના પાર્ક રોડ બંગલા એરીયા કુબેરનગર) (૨) દિપુભાઇ પ્રદિપકુમાર મુલચંદાણી (રહે. મીરા સોસાયટી બંગલા એરીયા કુબેરનગર સરદારનગર) (૩) અનિષભાઇ જગદીશભાઇ કેશવાણી (રહે. માતૃભુમિ સોસાયટી રેલ્વે ક્રોસીંગ પાસે કુબેરનગર) નાઓએ ભેગા મળી શ્યામ શીરવાનીની પેઢીમાંથી માહે એપ્રિલ/મે-૨૦૨૨ માસમાં પેન્ટ બનાવવા માટે કાપડ કિમત રૂપિયા ૨૩,૭૧,૦૦૦/- લઇ જઇ કાપડના નાણાં આજદીન સુધી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ સેક્ટર-૨ એસ.આઈ.ટી. પો.સ.ઈ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૬/૨૦૨૨</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન:** જસભાઈ ધોરાભાઈ પટેલ (ઉ.વ.૬૬) (રહે.ગોપીનાથ હાઈટ્સ નિકોલ ગામ પાછળ પંચામૃત સ્કુલ સામે નિકોલ) તા.૧૧/૦૬/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પત્ની સાથે એક્ટીવા ચલાવી હાથીજણ સર્કલ થી ગામડી ચાર રસ્તા તરફ જતા ગામડી ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આયસર ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી પાછળથી એક્ટીવાને ટક્કર મારતા જસભાઈ અને તેમના પત્ની કૈલાસબહેન પડી જતા કૈલાસબહેનને ગંભીર ઈજાઓ થતા કૈલાસબહેનનુ સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ જસભાઈ પટેલે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

**બીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૭/૨૦૨૨**

**નિકોલઃ**. નિકોલ અમર જવાન સર્કલ પાસે ભાગવત એલીઝીયા સાઈટ ખાતે કડીયા કામ કરતા અને ત્યા જ રહેતા મહમદમજહર રકીમ મોલવી (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ-હરી ચૌરા ચરીયા પોસ્ટ બાઇસી જી પુણિયા બિહાર) તા.૧૦/૦૬/૨૦૨૨ બપોરના ૨/30 વાગ્યાના સુમારે સાઇટના બીજા માળ ખાતે કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને હાર્મોની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગીતાબા અનિરૂધ્ધસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૮/૨૦૨૨**

**સાબરમતીઃ** મુસ્કાન ડો/ઓ અજયભાઇ સતનામી (ઉ.વ.૨૧) (રહે. આંનદ વિહાર ફલેટ એપોલો સ્કુલ સામે ત્રાગડ રોડ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૨ સાંજના ૫/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને કે.ડી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.કે.પંડ્યા ચલાવે છે.

**નારોલઃ** બીપનકુમાર વાસદેવ શર્મા (ઉ.વ.30) (રહે. ઓમ શાંતિનગર-૨ નારોલ અસલાલી હાઇવે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૨ રાતના ૯/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૬/૨૦૨૨ કલાક ૪/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.